Extra No. 73

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] FRIDAY, MARCH 13, 2026 / PHALGUNA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાએ, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ, અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.**

**THE GUJARAT STATE EMPLOYMENT OF LOCAL CANDIDATES BILL, 2026.**

**GUJARAT BILL NO. 12 OF 2026.**

***A BILL***

*to provide eighty five percent employment of local candidates by employer in the State of Gujarat and for matters connected therewith and incidental thereto.*

**ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક, ૨૦૨૬.**

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૨.**

*ગુજરાત રાજ્યમાં માલિકે પંચાસી ટકા સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા અને તેની સાથે સંકળાયેલ અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં ગુજરાત રાજ્યની વિધાનસભા દ્વારા નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, આરંભ, બંધ થવા અને લાગુ પડવા બાબત.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

(૪) તે, આવો (અમલમાં હોતો) બંધ થતાં પહેલાં કરવાના કોઈ કાર્ય અથવા કરવાના કાર્યલોપના સંબંધમાં હોય તે સિવાય, તેના આરંભની તારીખથી દસ વર્ષ પૂરા થયેથી અમલમાં હોતો બંધ થશે અને આવી રીતે બંધ થયેથી, સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૯૭ (સન ૧૮૯૭ના કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક ૧૦મા)ની કલમ ૬, જાણે કે આ અધિનિયમ ત્યારપછી કેન્દ્રીય અધિનિયમ અથવા યથાપ્રસંગ, રાજ્ય અધિનિયમથી રદ કરવામાં આવ્યો હોય તેમ લાગુ પડશે.

(૫) આ અધિનિયમ, સરકાર વખતોવખત જાહેર કરે તેવી, તમામ કંપનીઓ, મંડળીઓ, ટ્રસ્ટ, મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીઓ, ભાગીદારી પેઢી અને દસ અથવા તેથી વધુ વ્યક્તિઓને રોજગાર આપતી કોઇપણ વ્યક્તિ અને એકમને લાગુ પડે છે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અપીલ સત્તાધિકારી (એપેલેટ ઓથોરિટી)'' એટલે કલમ ૯ના હેતુ માટે સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી મુકરર કરે તેવા, શ્રમ આયુક્ત (લેબર કમિશનર)થી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અથવા તેને સમકક્ષ સરકારના અધિકારી;

(ખ) "અધિકૃત અધિકારી" એટલે કલમ ૭ના હેતુ માટે સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તે તરીકે મુકરર કરે તેવા સબ-ડિવિઝનલ અધિકારી (સિવિલ)થી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અથવા તેને સમકક્ષ સરકારના અધિકારી અથવા બીજા કોઇ અધિકારી;

(ગ) "મુકરર અધિકારી" એટલે કલમ ૫ના હેતુ માટે સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી મુકરર કરે તેવા ડેપ્યુટી કમિશનરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અથવા તેને સમકક્ષ સરકારના અધિકારી;

(ઘ) "મુકરર પોર્ટલ" એટલે કલમો ૩ અને ૪ હેઠળ સ્થાનિક ઉમેદવારો અને કર્મચારીઓના રજિસ્ટ્રેશનના હેતુ માટે વિશિષ્ટ રીતે ડિઝાઇન કરેલું અને મુકરર કરેલું પોર્ટલ;

(ચ) "માલિક" એટલે કંપની અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક ૧૮મા) હેઠળ રજિસ્ટર થયેલી કંપની અથવા મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૯ના કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક ૬ઠ્ઠા) હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેની મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢી અથવા ભારતના ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ (સન ૧૮૮૨ના કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક ૨-જા) હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેની મંડળી (સોસાયટી) અથવા ટ્રસ્ટ અથવા ભારતના ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક ૯મા) હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેની ભાગીદારી પેઢી અથવા સરકાર વખતોવખત જાહેર કરે તેવી, ઉત્પાદન કરવા અથવા કોઇપણ સેવા પૂરી પાડવાના હેતુથી પગાર, વેતન અથવા બીજા મહેનતાણા પર દસ કે તેથી વધુ વ્યક્તિઓને નોકરીમાં રાખનાર કોઇ વ્યક્તિ અથવા એવું કોઇ એકમ પરંતુ તેમાં, કેન્દ્ર સરકાર અથવા કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની માલિકીના કોઇ સંગઠન (તંત્ર)નો સમાવેશ થશે નહિ;

(છ) "સરકાર" એટલે વહીવટી વિભાગમાં ગુજરાત રાજ્યની સરકાર;

(જ) "સ્થાનિક ઉમેદવાર" એટલે ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ કરતો હોય તેવો ઉમેદવાર;

(ઝ) "રાજ્ય" એટલે ગુજરાત સરકાર.

ફરજિયાત રજિસ્ટ્રેશન. ૩. આ અધિનિયમના આરંભની તારીખે અને તે તારીખથી, દરેક માલિકે, આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર, મુકરર પોર્ટલ ઉપર, પચાસ હજાર રૂપિયાથી વધુ નહિ તેટલો અથવા સરકાર વખતોવખત જાહેર કરે તેટલો કુલ માસિક પગાર અથવા વેતન મેળવતા હોય તેવા કર્મચારીઓની નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવી જોઇશે:

પરંતુ આવા તમામ કર્મચારીઓનું મુકરર પોર્ટલ પર રજિસ્ટ્રેશન પૂરું ન થાય ત્યાં સુધી કોઇપણ માલિકે કોઇ વ્યક્તિને નોકરીમાં રાખવી જોઇશે નહિ અથવા કામમાં રોકવી જોઇશે નહિ.

**સ્પષ્ટીકરણ.**- આ અધિનિયમની કલમ ૩ અને કલમ ૪ના હેતુ માટે, મુકરર પોર્ટલ પરના રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા, સરકારે વખતોવખત જાહેર કરેલા નિયમો હેઠળ ઠરાવવી જોઇશે.

સ્થાનિક ઉમેદવારોની ભરતી. ૪. આ અધિનિયમના આરંભ પછી, દરેક માલિકે, કુલ માસિક પગાર અથવા વેતન રૂપિયા પચાસ હજાર કરતાં વધુ ન હોય અથવા સરકાર વખતોવખત જાહેર કરે તેટલો હોય તેવી જગાઓના સંબંધમાં પંચાસી ટકા સ્થાનિક ઉમેદવારોને નોકરીમાં રાખવા જોઇશે:

પરંતુ સ્થાનિક ઉમેદવારો, રાજ્યના કોઇપણ જિલ્લામાંથી હોઇ શકશે પણ માલિક, પોતાના વિકલ્પ પ્રમાણે, સ્થાનિક ઉમેદવારોની કુલ સંખ્યાના દસ ટકા સુધી કોઇપણ જિલ્લામાંથી સ્થાનિક ઉમેદવારોની નોકરીને મર્યાદિત કરી શકશે:

વધુમાં, કોઇપણ સ્થાનિક ઉમેદવાર, મુકરર પોર્ટલ પર પોતાની નોંધણી ન કરાવે ત્યાં સુધી, તે, આ અધિનિયમ હેઠળના લાભો મેળવવાને પાત્ર થશે નહિ.

**૫.** (૧) ઇચ્છિત કૌશલ્ય, લાયકાત અથવા નિપુણતા ધરાવતા સ્થાનિક ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હોય, ત્યારે માલિક, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, મુકરર અધિકારીને અરજી કરીને, કલમ ૪ની આવશ્યકતામાંથી મુક્તિ માંગી શકશે. **મુક્તિ.**

(૨) મુકરર અધિકારી, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અને ઇચ્છિત કૌશલ્ય, લાયકાત અથવા નિપુણતા ધરાવતા સ્થાનિક ઉમેદવારોની ભરતી કરવા માટે માલિકે કરેલા પ્રયત્નોનું મૂલ્યાંકન કર્યા પછી,-

(૧) કલમ ૪ની જોગવાઇમાંથી મુક્તિ માટેની માલિકની માંગણી સ્વીકારી શકશે; અથવા

(૨) કારણોની લેખિતમાં નોંધ કરીને મુક્તિ માટેની માલિકની માંગણી નામંજૂર કરી શકશે; અથવા

(૩) ઇચ્છિત કૌશલ્ય, લાયકાત અથવા નિપુણતા સિદ્ધ કરવા માટે સ્થાનિક ઉમેદવારોને તાલીમ આપવાનો માલિકને આદેશ કરી શકશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ મુકરર અધિકારીએ કરેલો દરેક હુકમ, સરકારની વેબસાઇટ પર મૂકવો જોઇશે.

**૬.** દરેક માલિકે, સરકાર રાજપત્રમાં જાહેર કરે તે તારીખ સુધીમાં, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, મુકરર પોર્ટલ પર ત્રિમાસ દરમિયાન નોકરીમાં રાખેલા અને નિમણૂક પામેલા સ્થાનિક ઉમેદવારો અંગેનો ત્રિમાસિક અહેવાલ પૂરો પાડવો જોઇશે. **માલિકે અહેવાલ રજૂ કરવા બાબત.**

**૭.** (૧) કલમ ૬ હેઠળ માલિકે પૂરા પાડેલા અહેવાલો, અધિકૃત અધિકારીએ તપાસવા જોઇશે. **રેકર્ડ અને દસ્તાવેજો મેળવવા ખરાઇ કરવાની સત્તા.**

(૨) અધિકૃત અધિકારીને, કલમ ૬ હેઠળ પૂરા પાડેલા અહેવાલની ખરાઇ કરવાના હેતુઓ માટે કોઇપણ માલિકના કબજામાંનો કોઇ રેકર્ડ, માહિતી અથવા દસ્તાવેજ મંગાવવાની સત્તા રહેશે.

(૩) અધિકૃત અધિકારી, અહેવાલની તપાસ કર્યા પછી, આ અધિનિયમના ઉદ્દેશોનું પાલન કરવા માટે જરૂરી હોય તેવો કોઇ હુકમ કરી શકશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કાઢેલા એવા દરેક હુકમ, સરકારની વેબસાઇટ ઉપર મૂકવા જોઇશે.

**૮.** (૧) આ કલમની જોગવાઇઓને અધીન રહીને, અધિકૃત અધિકારીને,- **મકાનોમાં પ્રવેશવાની અને તેની તપાસ કરવાની સત્તા.**

(ક) આ અધિનિયમ હેઠળ તેને સોંપવામાં આવેલા કોઇપણ કાર્યો (કામગીરીઓ) બજાવવાના હેતુ માટે;

(ખ) આવા કોઇ કાર્યો (કામગીરીઓ) બજાવવાના થાય છે કે કેમ અને જો બજાવવાના થાય, તો કેવી રીતે અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું પાલન કરવામાં આવે છે કે કેમ અથવા પાલન કરવામાં આવ્યું છે કે કેમ તે નક્કી કરવાના હેતુ માટે,

કોઇપણ સ્થળે, તેને જરૂરી જણાય તેવી સહાય/મદદનીશ સાથે તમામ વાજબી સમયે પ્રવેશવાનો અધિકાર રહેશે;

(૨) દરેક માલિકે, પેટા-કલમ (૧) હેઠળ અધિકૃત અધિકારીને તમામ સહાય પૂરી પાડવી જોઇશે અને તે, કોઇપણ વાજબી કારણ સિવાય તેમ કરવામાં ચૂક કરે તેવા કિસ્સામાં, તે આ અધિનિયમ હેઠળ ગુનાનો દોષિત ગણાશે.

(૩) કોઇપણ વ્યક્તિ ઇરાદાપૂર્વક પેટા-કલમ (૧) હેઠળના અધિકૃત અધિકારીના કાર્યો (કામગીરીઓ) બજાવવામાં વિલંબ કરાવે અથવા તેમાં અડચણ પેદા કરે, તો તે, આ અધિનિયમ હેઠળ ગુનાની દોષિત ગણાશે.

પરંતુ કોઇપણ પ્રવેશ ૬:૦૦ થી ૧૮:૦૦ કલાકની વચ્ચે હોય અને જે તારીખે પ્રવેશ કરવા ધાર્યું હોય તે તારીખથી ઓછામાં ઓછા એક દિવસ પહેલાં પ્રવેશવાના ઈરાદાની નોટિસ આપવામાં આવી હોય તે સિવાય કોઇ પ્રવેશ કરવો જોઇશે નહિ.

**૯.** (૧) કલમ ૫ હેઠળ મુકરર અધિકારીએ અથવા કલમ ૭ હેઠળ અધિકૃત અધિકારીએ કરેલા હુકમથી નારાજ થયેલો કોઇ માલિક, સાઠ દિવસની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા અપીલ અધિકારીને અપીલ કરી શકશે. **અપીલ.**

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી દરેક અપીલની સાથે, ઠરાવવામાં આવે તેટલી ફી હોવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ અપીલ મળ્યા પછી, અપીલ સત્તાધિકારીએ, અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી, શક્ય હોય તેટલી ત્વરાએ અપીલનો નિકાલ કરવો જોઇશે.

(૪) અપીલ સત્તાધિકારી, આવો હુકમ રદ કરી શકશે, તેને બહાલ રાખી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

(૫) અપીલ સત્તાધિકારીએ, ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસરવી જોઇશે.

સામાન્ય શિક્ષા.

**૧૦.** આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, માલિક દ્વારા, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું અથવા આ અધિનિયમ હેઠળ લેખિતમાં કરેલા કોઇ હુકમનું કોઇ ઉલ્લંઘન થાય, તો તે, ઓછામાં ઓછા દસ હજાર રૂપિયા સુધીના પરંતુ વધુમાં વધુ પચાસ હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે અને ગુનો સાબિત થયા પછી પણ ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે, તો ઉલ્લંઘન એવી રીતે ચાલુ રહે તેટલા સમય સુધી પ્રતિ દિવસ એકસો રૂપિયા સુધીના વધુ દંડને પાત્ર થશે.

કલમ ૩ના ઉલ્લંઘન માટે શિક્ષા.

**૧૧.** આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કોઇ માલિક, આ અધિનિયમની કલમ ૩ની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમોની જોગવાઈઓનું અથવા તે હેઠળ લેખિતમાં કરેલા કોઇ હુકમનું ઉલ્લંઘન કરે, તો તે, ઓછામાં ઓછા પચ્ચીસ હજાર રૂપિયા સુધીના પરંતુ વધુમાં વધુ એક લાખ રૂપિયા સુધીના દંડના શિક્ષાપાત્ર ગુનાનો દોષિત ગણાશે અને ગુનો સાબિત થયા પછી પણ ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે, તો ઉલ્લંઘન એવી રીતે ચાલુ રહે તેટલા સમય સુધી પ્રતિ દિવસ પાંચસો રૂપિયાના વધુ દંડને પાત્ર થશે.

કલમ ૪ના ઉલ્લંઘન માટે શિક્ષા.

**૧૨.** આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કોઇ માલિક, કલમ ૪ની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમોની જોગવાઈઓનું અથવા તે હેઠળ લેખિતમાં કરેલા કોઇ હુકમનું ઉલ્લંઘન કરે, તો તે, ઓછામાં ઓછા પચાસ હજાર રૂપિયા સુધીના પરંતુ વધુમાં વધુ બે લાખ રૂપિયા સુધીના દંડના શિક્ષાપાત્ર ગુનાનો દોષિત ગણાશે અને ગુનો સાબિત થયા પછી પણ ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે તો ઉલ્લંઘન એવી રીતે ચાલુ રહે તેટલા સમય સુધી પ્રતિ દિવસ એક હજાર રૂપિયા સુધીના વધુ દંડને પાત્ર થશે.

કલમ ૫ હેઠળ આપેલા આદેશના અપાલન માટે શિક્ષા.

**૧૩.** આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કોઇ માલિક, કલમ ૫ હેઠળ મુકરર અધિકારીએ લેખિતમાં કરેલા કોઈ હુકમનું પાલન ન કરે, તો તે, ઓછામાં ઓછા દસ હજાર રૂપિયા સુધીના પરંતુ વધુમાં વધુ પચાસ હજાર રૂપિયા સુધીના દંડના શિક્ષાપાત્ર ગુનાનો દોષિત ગણાશે અને ગુનો સાબિત થયા પછી પણ ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે, તો ઉલ્લંઘન એવી રીતે ચાલુ રહે તેટલા સમય સુધી પ્રતિ દિવસ એક સો રૂપિયાના વધુ દંડને પાત્ર થશે.

બનાવટી અથવા રેકર્ડ વગેરે પૂરું ન પાડવા માટે શિક્ષા.

**૧૪.** (૧) જે કોઇપણ વ્યક્તિ,-

(ક) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમોની કોઇ જોગવાઈઓનું પાલન કરવાના સંબંધમાં કોઇ દસ્તાવેજ સંબંધી ખોટો અથવા બનાવટી રેકર્ડ રજૂ કરે અથવા જાણીબૂઝીને ખોટું નિવેદન, એકરાર અથવા પુરાવો આપે અથવા રજૂ કરે; અથવા

(ખ) જાણીબૂઝીને નિવેદન, નોંધ અથવા વિગત સમાવતું ખોટું પત્રક, નોટિસ, રેકર્ડ અથવા અહેવાલ તૈયાર કરે અથવા આપે અથવા સુપરત કરે,

તો તે વ્યક્તિ, દરેક ગુના માટે પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળના શિક્ષાપાત્ર ગુનાનો દોષિત ઠરેલ કોઇપણ વ્યક્તિ તે જ જોગવાઈ હેઠળના ગુના માટે ફરી દોષિત ઠરે, ત્યારે તે, રૂપિયા ૨ લાખના દંડની શિક્ષાને પાત્ર થશે.

નોટિસ અને સુનાવણી માટેની તક.

**૧૫.** (૧) માલિકને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળનો કોઇ હુકમ, કલમ ૫ અથવા કલમ ૭ હેઠળ કરવો જોઇશે નહિ.

(૨) મુકરર અધિકારી દ્વારા જે કારણસર સંબંધિત વ્યક્તિ પર દંડ નાખવા ધાર્યું હોય તે કારણોની તેને જાણ કરતી અને તેને સુનાવણીની તક આપતી લેખિતમાં નોટિસ તેને આપવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળ કોઇ દંડ નાખવો જોઇશે નહિ.

**કંપનીઓના ગુના.**

૧૬. આ અધિનિયમ હેઠળ ગુનો કરતી વ્યક્તિ, કંપની, તેના સંચાલન સાથે સંકળાયેલો દરેક ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી, એજન્ટ અથવા અન્ય અધિકારી અથવા વ્યક્તિ હોય, ત્યારે તે એવું સાબિત કરે કે તે ગુનો તેની જાણ બહાર અથવા તેની સંમતિ વગર કરવામાં આવ્યો હતો તે સિવાય, તે આવા ગુનાની દોષિત હોવાનું ગણાશે.

**મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીના ગુના.**

૧૭. મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારીથી કરાયેલો આ અધિનિયમ હેઠળનો ગુનો-

(૧) મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારીના ભાગીદાર અથવા ભાગીદારો અથવા મુકરર ભાગીદાર અથવા મુકરર ભાગીદારોની સંમતિથી અથવા તેમના મૂકસંમતિથી કરવામાં આવ્યો હોવાનું સાબિત થાય ત્યારે અથવા;

(૨) મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારીના ભાગીદાર અથવા ભાગીદારો અથવા મુકરર ભાગીદાર અથવા મુકરર ભાગીદારોના પક્ષે થયેલી કોઇ બેદરકારીના કારણે થયો હોવાનું સાબિત થાય ત્યારે,

મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારીના ભાગીદાર અથવા ભાગીદારો અથવા મુકરર ભાગીદાર અથવા યથાપ્રસંગ, મુકરર ભાગીદારો તેમજ મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી (પેઢી), ગુનાની દોષિત ગણાશે અને તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરીને તદનુસાર શિક્ષાને પાત્ર થશે.

**મંડળીઓ અથવા ટ્રસ્ટના ગુના.**

૧૮. (૧) આ અધિનિયમ હેઠળનો ગુનો મંડળી (સોસાયટી) અથવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો હોય, ત્યારે ગુનો કરવામાં આવ્યો હતો તે સમયે તેનો હવાલો સંભાળતી હોય અને મંડળી (સોસાયટી) અથવા યથાપ્રસંગ, ટ્રસ્ટના કાર્યસંચાલન માટે જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિ, ગુનાની દોષિત હોવાનું ગણાશે અને તેમની વિરુદ્ધ કાર્યવાહી ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે:

પરંતુ આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી, આવી કોઈ વ્યક્તિ આ અધિનિયમમાં જોગવાઈ કરેલી કોઈ શિક્ષાને પાત્ર ઠરશે નહિ, જો તે પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તેવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ પૂરતી કાળજી રાખી હતી.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો મંડળી (સોસાયટી) અથવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો હોય અને તેવું પુરવાર કરવામાં આવે કે મંડળી (સોસાયટી) અથવા ટ્રસ્ટના કોઇ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી, ટ્રસ્ટી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂકસંમતિથી ગુનો કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીના કારણે થયો છે, ત્યારે આવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી, ટ્રસ્ટી અથવા બીજો અધિકારી, તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે કાર્યવાહીને અને તદનુસાર શિક્ષાને પાત્ર થશે.

**ફોજદારી કાર્યવાહીની મર્યાદા અને ગુનાની ન્યાયિક નોંધ.**

૧૯. (૧) કોઇપણ કોર્ટ, જે તારીખે કરેલા કહેવાતા ગુનાની અધિકૃત અધિકારી અથવા મુકરર અધિકારીને જાણ થાય તે તારીખથી છ મહિનાની અંદર તે ગુનાના સંબંધમાં ફરિયાદ કરવામાં આવે તે સિવાય, આ અધિનિયમ હેઠળના કોઇ કોઇપણ શિક્ષાપાત્ર ગુનાની ન્યાયિક નોંધ લઇ શકશે નહિ.

(૨) મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી કોઇપણ કોર્ટ, આ અધિનિયમ હેઠળના શિક્ષાપાત્ર ગુનાની કાર્યવાહી કરી શકશે નહિ.

**સ્પષ્ટીકરણ.**- આ કલમના હેતુઓ માટે,-

(ક) ગુનો ચાલુ રહેવાના કિસ્સામાં, જે સમયગાળા દરમિયાન ગુનો ચાલુ રહે તે સમયગાળાના દરેક સમયબિંદુ અનુસાર મર્યાદાની મુદત ગણવી જોઇશે;

(ખ) કોઇ કાર્ય કરવા માટે માલિકે કરેલી અરજીના આધારે સમય આપવામાં આવ્યો હોય અથવા લંબાવવામાં આવ્યો હોય ત્યારે જે તારીખે તેવી રીતે આપવામાં આવેલો અથવા લંબાવવામાં આવેલો સમય પૂરો થાય તે તારીખથી મર્યાદાની મુદત ગણવી જોઇશે.

**શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલા પગલાંને રક્ષણ.**

૨૦. આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર, શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કાર્ય માટે, કોઇ અધિકૃત અધિકારી અથવા મુકરર અધિકારી સામે અથવા તેવા અધિકૃત અધિકારી અને મુકરર અધિકારીના હુકમ અથવા આદેશ હેઠળ કાર્ય કરતી કોઇ વ્યક્તિ અથવા વ્યક્તિઓના મંડળ સામે કોઇપણ કોર્ટમાં કોઇ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ થઇ શકશે નહિ.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. **૨૧.** આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો સરકાર, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે તેને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે.

આદેશો અથવા હુકમો આપવાની સત્તા. **૨૨.** સરકાર, વખતોવખત, આ અધિનિયમની જોગવાઇઓને અમલમાં લાવવા માટે લેખિતમાં આદેશો અથવા હુકમ આપી શકશે.

અધિનિયમની ઉપરવટ અસર હોવા બાબત. **૨૩.** તત્સમયે અમલમાં હોય તેવા રાજ્યના કોઇ બીજા કાયદામાં અથવા તેવા કાયદાની રૂએ અમલમાં રહેલા હોય તેવા કોઈપણ લેખમાં સમાવિષ્ટ કરેલ મજકૂર સાથે ગમે તે અસંગતતા હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઇઓની ઉપરવટ અસર રહેશે.

નિયમો કરવાની સત્તા. **૨૪.** (૧) સરકાર, જાહેરનામાથી, આ અધિનિયમના તમામ અથવા તે પૈકીના કોઇ હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલો દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત સરકારે, ગુજરાતમાં આવેલી, વિવિધ કંપનીઓ, ટ્રસ્ટો, મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીઓ, ભાગીદારી પેઢીઓ વગેરે હેઠળના ખાનગી રોજગારમાં ગુજરાતના સ્થાનિક ઉમેદવારો માટે દસ વર્ષના સમયગાળા માટે, અનામતની જોગવાઈ કરવા માટે, "ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક, ૨૦૨૬" નામના વિધેયકની દરખાસ્ત કરી છે.

ઓછા-વેતનવાળી નોકરીઓ માટે સ્પર્ધા કરતા મોટી સંખ્યામાં સ્થળાંતર કરનારાઓના ધસારાથી સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આવાસ પર નોંધપાત્ર અસર કરે છે અને ઝૂંપડપટ્ટી વિસ્તારનો વધારો થયો છે. આનાથી પર્યાવરણીય અને આરોગ્યના પ્રશ્નો ઊભા થયા છે જે ગુજરાતના શહેરી વિસ્તારોમાં તીવ્રપણે અનુભવાયા છે, જેનાથી જીવન અને આજીવિકાની ગુણવત્તાને અસર થઇ છે. તેથી, ઓછા પગારની નોકરીઓમાં સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપવું એ સામાજિક, આર્થિક અને પર્યાવરણીય રીતે ઇચ્છનીય છે અને આવું કોઈપણ પ્રાધાન્ય આપવું જાહેર જનતાના હિતમાં રહેશે.

હાલના વિધેયકના અધિનિયમનથી, જાહેર જનતાના હિતમાં, રાજ્ય, સ્થાનિક રોજગારને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના તમામ ખાનગી નોકરીદાતાઓને પણ પ્રોત્સાહિત કરશે. આ વિધેયકથી, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાયક અને તાલીમબદ્ધ સ્થાનિક કાર્યશક્તિ(ઉમેદવારો) દ્વારા ખાનગી નોકરીદાતાઓને ખૂબ જ લાભ થશે. સ્થાનિક સ્તરે યોગ્ય કાર્યશક્તિની ઉપલભ્યતા કોઈપણ ઔદ્યોગિક સંસ્થા ફેક્ટરી (કારખાના)ના વિકાસ માટેના મુખ્ય ઘટકોમાંના એક કાર્યશક્તિના ઘટક તરીકે ઉદ્યોગની કાર્યક્ષમતામાં વધારો કરશે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

વિધેયકની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:-

૧. ગુજરાત રાજ્યમાં આવેલી વિવિધ કંપનીઓ, સોસાયટીઓ, ટ્રસ્ટો, મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીઓ, ભાગીદારી પેઢીઓ વગેરેમાં સ્થાનિક ઉમેદવારોને ઓછામાં ઓછી ૮૫% રોજગારી પૂરી પાડવી.

૨. લાયકાત ધરાવતા અથવા યોગ્ય ઉમેદવારો ઉપલભ્ય ન હોય ત્યારે લાયક સ્થાનિક ઉમેદવારોને તાલીમ પૂરી પાડવી.

આથી આ વિધેયક.

**તારીખ: ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૬**
**ગાંધીનગર.**

**ઈમરાન ખેડાવાલા,**
**વિ.સ.સ.**

**નાણાકીય યાદી**

રાજ્ય સરકાર નાણાની જોગવાઈ કરે તે કિસ્સામાં વિધેયકમાં અમલીકરણ અંગે થનાર ખર્ચ ચોક્કસ રીતે આપવો શક્ય નથી.

**તારીખ: ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૬**
**ગાંધીનગર.**

**ઈમરાન ખેડાવાલા,**
**વિ.સ.સ.**

**ધારાકીય સત્તા સોંપવાની યાદી**

અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, સૂચિત વિધેયકની **કલમ ૨૧** અને **૨૪**થી, રાજ્ય સરકારને અનુક્રમે મુશ્કેલી દૂર કરવાની અને નિયમો કરવાની સત્તા મળે છે. કારોબારીને સત્તાની આ સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૬**
**ગાંધીનગર.**

**ઈમરાન ખેડાવાલા,**
**વિ.સ.સ.**

**તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.03.14 08:32:09 IST